જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦  ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૯/૨૦૧૭ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**  **સમાચાર યાદી નં.૧૯૩૮/૧૭**

## મહિલા ક્રાઇમ બ્રાન્ચ :

**અમદાવાદ શહેર મહિલા પોલીસે નવરાત્રી મહોત્સવ દરમ્યાન ચોથા નોરતે પણ શહેર ના વિવિધ વિસ્તારોમાંથી ડીકોય ટીમો ગોઠવી મહિલાઓ સાથે સ્ત્રીની ગરીમા ને ન છાઝે તેવું વર્તન કરતા ૦૮ યુવાનોને ઝડપી પાડ્યા.**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી તથા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાંચ અને નાયબ પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાન્ચ નાઓએ નવરાત્રી મહોત્સવ અન્વયે સમગ્ર અમદાવાદ શહેરમાં પાર્ટી પ્લોટ, કલબો, શેરીઓમાં ગરબાનું આયોજન થતું હોય છે. આ દરમ્યાન સ્ત્રીઓની છેડતીના બનાવો ન બને તે માટે એકશન પ્લાન ઘડી કાઢી સઘન પેટ્રોલીંગ બંદોબસ્ત જાળવી આવા કોઇ બનાવો ન બને તે માટે સુચના કરેલ. જે આધારે અત્રેના મહિલા પોલીસ સ્ટેશન પુર્વ/પશ્ચિમ અને એસ.ઓ.જી. તથા સાયબર સેલ ના મહિલા અધિકારી/કર્મચારી ઓને ડીકોય ની બે ટીમ તથા મહિલા હેલ્પ લાઇન-૧૮૧ ની ૧૦ ટીમો તેમજ અન્ય ૫ ટીમો બનાવી સમગ્ર અમદાવાદ શહેરમાં નવરાત્રીના ચોથો નોરતે પણ બંદોબસ્ત પેટ્રોલીંગ હાથ ધરવામાં આવેલ આ દરમ્યાન ડીકોયની ટીમોએ ખાણી-પીણી ના બજારો, જાહેર જગ્યાઓ તેમજ કલબો અને વિવિધ ગરબા વાળી જગ્યાઓએ વોચ ગોઠવેલ આ દરમ્યાન મહિલા કર્મચારીઓને ટ્રેડીશનલ ડ્રેસમાં મોકલી ડીકોય ગોઠવતા કુલ્લે-૦૮ યુવાનો ને ડીકોયમાં મોકલેલ ટ્રેડીશનલ ડ્રેસવાળી મહિલાઓ સાથે સ્ત્રીની ગરીમા ને ન છાઝે તેવું વર્તન કરતા મળી આવતા ઝડપી લેવામાં આવેલ છે. તમામ આરોપીઓ વિરૂધ્ધમાં મહિલા પોલીસ સ્ટેશન પશ્ચિમ/પુર્વ ખાતે કાયદેસરની કાર્યવાહી કરી ગુન્હો નોંધવામાં આવેલ છે. અને આગળની તપાસ જારી છે. અને મહિલા પોલીસ દ્વારા આગામી નવરાત્રીના દિવસો માં પણ આવી અસામાજીક પ્રવૃતિ કરતા યુવાનોને યુક્તિ પ્રયુક્તિ થી પકડી પાડવામાં આવશે. અને મહિલાઓ નિર્ભય રીતે ફરી શકે તેવા તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવશે. તા.૨૫/૦૯/૨૦૧૭

**ટુ વ્હીલર ચોરી કરનારા રીઢા આરોપીને ચોરીના મોટરસાઈકલ મળી કુલ- ૩ ટુ વ્હીલર વાહનો સાથે પકડી લઈ કુલ- ૩ ગુન્હાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવણી તથા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારુ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જેકે.ભટ્ટ સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી **ડો.રાજદીપસિંહ ઝાલા સાહેબ** નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડના પોલીસ ઈન્સપેક્ટર શ્રી.પી.જી.સરવૈયા તથા શ્રી કે.ડી.જાડેજાનાઓ તેમના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે **નારોલ** ટર્નિંગ બ્રીજ પાસેથી બાતમી હકિકત આધારે આરોપી રાજેશ S/O દશરથભાઈ શ્રીમાળી ઉ.વ.૨૦ ધંધોરીક્ષા ડ્રાઈવીંગ રહે.સરણીયાવાસ નારોલ ગામ વટવા અમદાવાદ નાને પકડી પાડી (૧) એલિસબ્રીજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૧૧૦/૧૭ ઇ.પી.કો.કલમ-૩૭૯ (GJ-02-AA-3174 છે અને ચે.નં.30134 તથા એ.નં. 21531 (૨) વેજલપુર પોલીસ સ્ટેશન ફગુ.ર.નં.૧૮૯/૧૭ ઇ.પી.કો.-૩૭૯ (GJ-01-CF-7767 છે અનેચે.નં.OOM20f11 તથાએ.નં.OOM1801(૩) વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૩૫૧/૧૭ ઇ.પી.કો.-૩૭૯ (GJ-27-N-7211 જેનો એ.નં.92485 ચે.નં.78371નાકબજે કરેલ છે જે મો.સાયકલો આ કામના આરોપીએ મો.સા.GJ-27-N-7211 નુ આરોપી જેલમાંથી છુટ્યો તેના બીજા દિવસે આરોપીને મોસા.ની જરુરત હોય, સ્મ્રુતિ મંદીર ઘોડાસર પાસે એક સોસાયટી માં ઘર પાસેથી ચોરી કરેલ બીજી મો.સા. સ્પ્લેન્ડર રજી.નં.GJ-01-CF-7767 નુ વેજલપુર વિસ્તારમાં જીવરાજ પાર્ક બળદેવનગર ખાતેથી ચોરી કરેલ, ત્રીજી મો.સા.સ્પ્લેન્ડર રજી.નં.GJ-02-AA-3174 નુ ગુજરાત હોટલ પાસે દેવાંશ બિલ્ડીગની પાર્કીંગમાંથી ચોરેલ તેમજ મો.સા.નં GJ-02-AA-3174 ની ઉપર થલતેજ વિસ્તારમાં ઝાયડસ હોસ્પિટલ પાસે એક કાકા ચાલતા જતા હતા તેઓના ગળામાંથી સોનાની ચેઈન તોડેલ જે ચેઈન નો ટુકડોએક આરોપી પાસે અને બીજી ચેઈન નો ટુકડો તે કાકા પાસે રહી ગયેલ. આ સિવાય આ આરોપીની સઘન પુછપરછ કરતા આ આરોપી અગાઉ વિસનગર ખાતે મર્ડરના ગુન્હામાં તેમજ વટવા તથા સોલા પોસ્ટે તથા અમદાવાદ ક્રાઇમબ્રાન્ચમાં વાહન ચોરી માં પકડાયેલ છે . સદરી આરોપીની વધુ તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.જાડેજા નાઓ ચલાવી રહેલ છે.

**જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન :**

**ચોરીની પેશન પ્લસ મો.સા સાથે આરોપીઓને પકડતી જીઆઈડીસી વટવા પોલીસ**

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ અમદાવાદ શહેરમાં હાલમાં વધતા જતાં વાહન ચોરીના બનાવ અટકાવવા તેમજ થયેલ ચોરીના ભેદ ઉકેલવા સુચના અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી જીઆઈડીસી વટવા પો.સ્ટે ડી.આર.ગોહિલ નાઓની રાહબરી હેઠળ સર્વેલન્સ પોસઈ વિરેનદ્રસિંહ.એન.વાઘેલા તથા સ્ટાફના માણસો તા:૨૩/૯/૨૦૧૭ ના રોજ જીઆઇડીસી વટવા પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન અપોકો રાજુ ઈશ્વરલાલ તથા અપોકો જયેશ વીશાભાઈ નાઓની સંયુક્ત બાતમી આધારે પારસી ડુંગરવાડી પાસે જાહેરમાં બે ઈસમો (૧) રાજેન્દ્ર ઉર્ફે પીન્ટુ ગણપતભાઈ જાતે પરમાર ઉ.વ- ૨૨ રહે.ઠાકોરવાસ, સુરેશભાઈ ઠાકોરના મકાનમાં, ખોડીયાર માતાના મંદિરની પાસે,વસ્ત્રાલ ગામ,અમદાવાદ શહેર (૨) ઉમેશ ઉર્ફે બાબુભાઈ છોટાલાલ કોરી ઉ.વ- ૨૦ રહે.પ્લોટનં ૫૨,લક્ષ્મી કીરાણા સ્ટોર પાસેની ગલીમાં, હનુમાનનગર, જીઆઈડીસી વટવા અમદાવાદ શહેર નાઓને ચોરીની પેશન પ્લસ મો.સા સાથે પકડી લઈ સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરેલ છે.આ રીતે વટવા પો.સ્ટે ફ.ગુ.ર.નં ૩૪૯/૧૭ ધી ઈપીકો કલમ ૩૭૯ મુજબનો મો.સા ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.

**તડીપાર અટકાયતીને પકડતી જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ**

મે.પોલીસ કમિશ્નર સા શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સા શ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર સા શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ શરીર સબંધી ગુનાઓની પ્રવૃત્તિ અટકાવવા સારૂ અસરકારક પગલાં લેવાં કરેલ હુકમ અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સ.ઈ.શ્રી, વિરેંદ્રસિંહ.એન.વાઘેલા નાઓએ અપોકો દીનેશ બાબરભાઈ નાઓની હકીકત આધારે તડીપાર ઈસમ શાહીલ ઉર્ફે શાલુ સ/ઓ ગોપાલભાઇ કનોજીયા ઉ.વ.૨૧ ધંધો ડ્રાઈવિંગ રહે. મ.નં.૪૫ જયમંગલ પાર્ક સોસાયટી, હાટકેશ્વર, ભાઇપુરા રોડ, અમદાવાદ શહેર નાની અટકાયત કરી જરૂરી પોલીસ જાપ્તા સાથે સુરત શહેર ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે અને આ રીતે મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર નાઓના તડીપાર હુકમ નંબર- ક્રમાંક/પીસીબી/ હદપ/૯૪/૧૭ તા:૨૧/૦૯/૨૦૧૭ ની બજવણી કરેલ છે.સદરી આરોપી ઉપર જીઆઇડીસી વટવા પો.સ્ટે ખાતે નીચે મુજબના બે ગુના દાખલ થયેલ છે.

(૧) જીઆઈડીસી વટવા પો.સ્ટે સે.ગુ.ર.નં ૩૧૯૨/૧૬ ધી ઈપીકો કલમ ૫૦૬(૧),૪૨૭,૨૯૪(ખ), ૧૧૪ મુજબ

(૨) જીઆઈડીસી વટવા પો.સ્ટે ફ.ગુ.ર.નં ૧/૧૭ ધી ઈપીકો કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૨) એટ્રોસીટી કલમ ૩ (૨)(૫-એ), ૩(૧)આર જીપીએક્ટ કલમ ૧૩૫(૧)

## **વટવા પોલીસ સ્ટેશન :**

મે.અધીક પોલીસ કમીશ્નરશ્રી સે-૨. તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ નાઓના માર્ગ-દર્શન મુજબ તથા મદદનીશ પો.કમી શ્રી "જે" ડીવીઝન સાહેબ તથા વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઇંસ્પેકટરશ્રીની નાઓની સુચના મુજબ પો.સ.ઈ એ.બી.ભટ્ટ સાથેના સ્ટાફના માણસો પો.કો. કરણસિંહ હમીરસિંહ તથા પો.કો. શકિતસિંહ સહદેવસિંહ તથા પો.કો. દિગંત મધુસુદત્ત સાથે વટવા પોલીસ સ્ટેશનમાં વિસ્તારમા પેટ્રોલીગમા હતા જે દરમ્યાન ફરતા ફરતા કલાક.૧૪/૩૦ વાગે વટવા બીબી તળાવ કેનાલ પાસે આવતા સાથેના પો.કો.શકિતસિંહ સહદેવસિંહ તથા પો.કો.દિગંત મધુસુદત્ત નાઓને સંયુક્ત ખાનગી બાતમીદાર હકીકત મળેલ કે કેનાલ બેહુજી કોમ્પલેક્ષ પાસે આવેલ ચાની કિટલી ઉપર બે ઈસમ જેમા એક ભુરાવાળ વાળો તથા શરીવાદળી કલરના જીન્સની શર્ટ તથા કાળા કલરનુ પેન્ટ પહેરેલ તથા બીજા ઈસમે પણ વાદળી કલરનો શર્ટ તથા વાદળી જીન્સ પેન્ટ પહેરેલ છે જેના હાથમા એક થેલો રાખી બેઠેલ છે. જે થેલામા કેટેલાક ચોરી અથવા ચળ-કપટ કરી મેળવેલ મોબાયલ ફોન છે અને જે વેચાણ કરવાની ફિરાકમા છે જે બાતમી હકિક્ત આધારે પંચો સાથે જઈ બેહુજી કોમ્લેક્ષ તરફ બાજુમા આવેલ ચાની કિટલી ઉપર ઉપરોત વર્ણવાળા બન્ને ઈસમો બેઠેલ હોઈ અને તુરંત કોર્ડન કરી પકડી લીધેલ અને જેનુ નામ પુછતા નં-(૧) અનવરખાન ઉર્ફે અન્નુ કાદરખાન જાતે પઠાણ ઉવ-૨૦ ધંધો કડીયાકામ રહે મનં-બી/૬ બાગે કૌસર સદાનીધાબી કેનાલ રોડ વટવા અ'વાદ શહેર નાનુ તથા નંબર-(૨) મોહમદ એજાજ ઉર્ફે છોટુ સ/ઓ મુન્નાઅનિશ જાતે કુરેશી ઉવ-૨૦ ધંધો-સુટક મંજુરી રહે મનં-૪૧ ગ્રીનપાર્ક બાગે હસન સોસાયટી બાજુમા કેનાલ રોડ વટવા અ'વાદ શહેર નાનુ હોવાનુ જણાવેલ જેની પાસેથી થેલામાથી અલગ અલગ કંપનીના મો ફોન નં-૧૮ મો.ફોન કિ.રૂ,૨૬,૪૬૭/ તથા અલગ અલગ કંપનીની હેન્સફ્રી નંગ-૫ જેની કિ.રૂ,૫૦૦ ગણાય તથા અલગ અલગ કંપની ચાર્જર નંગ-૭ જેની કિ.રૂ,૭૦૦/ તથા ચીલોન(Xillion) કંપનીનુ બોક્ષ છે જેમા ચાર્જર,બેટરી,હેન્ડસફ્રી જેની કિ.રૂ.૩૦૦ જે મળી કુલ્લે કિ.રૂ,૨૭,૯૬૭/ નો મુદામાલ કબ્જે કરી સદરી બન્ને ઈસમોને તા-૨૪/૯/૨૦૧૭ ના કલાલ-૧૭/૩૦ વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં- ૩૪૭/૧૭ આઈ.પી.સી કલમ-૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના ગુનાના કામે અટક કરી આગળની વધુ તપાસ હાથ ધરવામા આવી.

## **દરીયાપુર પોલીસ સ્ટેશન :**

### આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત
### મિલ્કત સબંધી

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૫૭૫/૨૦૧૭ તા૧/૯/૧૭ આધારે પાસા અટકાયતી નામે આસીફ ઉર્ફે સમીર ચિરાગભાઈ ઈશા શેખ ઉ.વ. ૩૦ રહે. મ.નં. ૧૯૬, ગલી નં. ૩, મારૂતીનગર, લીમ્બાયત, ઉધના, સુરત શહેર મુળ વતન- ગામ-પાલદી, જિલ્લો-જલગાંવ મહારાષ્ટ્ર હાલ રહે, સી/૬ , રૂમ નં.૧૧ , ભેસ્તાન આવાસ , ડીંડોલી , સુરત નાઓના વિરૂધ્ધમાં દાખલ થયેલ મિલ્કત સબંધી ગુન્હાઓમાં સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોઈ આરોપીને આજરોજ તા.૨૪/૯/૧૭ ના કલાક ૧૫.૦૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે પાસા તળે અટકાયતમાં લેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે.તા. ૨૪/૯/૧૭

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

અમરાઇવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી અમરાઇવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.